# શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળ

(પબ્લિક ટ્રસ્ટ રજી.નં:એ/૭૬૯)

Website:https://www.shri76goldarjikelavanimandal.com

વ્હાલા જ્ઞાતિજનો, **વિનંતી** તા.૦૭.૦૨.૨૦૨૦

નમસ્કાર...

છેલ્લા કેટલાક દિવસોથી કોરોના વાઇરસ ના સમાચાર તથા તેના અંતર્ગત વિડીયો આપે જોયા હશે.આ કોરોના વાઇરસ ની ઉત્પત્તિ ચીન દેશ નાં વુહાન પ્રાંત નાં મીટ માર્કેટ માંથી થઇ છે જયાં જાતજાતનાં જીવજંતુ,પશુ-પક્ષીઓને જીવતા અથવા તો મારી નાંખી ને ખાવા માં આવે છે.આ બજાર ઘણું જ મોટુ છે જયાં દેશ-વિદેશ નાં લોકો આવે છે અને તેનો આસ્વાદ લે છે.દિવસે ને દિવસે આ વાઇરસ ની અસર થી ચીન માં દર્દીઓની સંખ્યા અને મૃત્યુ આંક વધતો જાય છે.આપણાં દેશનાં કેરળ રાજયમાં અને ગુજરાત ના સુરત જિલ્લામાં પણ ૨ (બે) શંકાસ્પદ કેસની અસર દેખાઇ છે. આજ તા. ૦૭.૦૨.૨૦૨૦ ના "ગુજરાત સમાચાર" મા અમદાવાદ મા ૯ માંથી ૪ કેસ નેગેટીવ બતાવે છે.અત્યાર સુધીમાં કોરોના વાઇરસ થી ચીન મા ૫૬૩ લોકો મૃત્યુ પામ્યા છે અને અંદાજે ૨૮,૦૦૦ લોકો ને ચેપ લાગેલ છે જે માટે ચીન ની સરકારે કોરોના વાઇરસની અસરવાળાને મોત આપવા માટે સુપ્રિમ કોર્ટ ના દરવાજા ખખડાવ્યા છે. WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન) ના જણાવ્યા પ્રમાણે આ કોરોના વાઇરસ ની સામે પ્રતિકાર કરી શકાય તેવી કોઇ રસી હજુ સુધી બનેલ નથી. મિત્રો, આ એક ગંભીર બાબત છે."શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળ" દ્વારા આ મેસેજ આપવાનું કારણ એ જ કે જો આપનાં ઘર માં કે બાજુમાં ,સ્કુલ-કોલેજ કે ઓફિસ માં જે કોઇ વ્યકિત સાધારણ બિમાર કે શરદી,ઉધરસવાળા પણ દેખાય તો એક દિવસની પણ રાહ જોયા વિના તેને તરત જ ડૉકટર પાસે લઇ જઇ તેનો ત્વરિત ઇલાજ કરાવશો તથા માસ્ક પહેરવાનું રાખશો જેથી કરીને આપણા સમાજ નો કોઇ વ્યકિત આની અસર હેઠળ ન આવે. "શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળ" તેની કાયમી પ્રવૃતિની સાથેસાથે આપની કાળજી રાખવાનુ-સમાજ ના દરેક સભ્યોને સાચવવાનું પણ કામ કરે છે.અમારા દ્વારા આ એક નાનકડો પ્રયાસ છે આશા છે કે આપ સૌ કોરોના વાઇરસ ને ગંભીરતાથી લેશો.આપના બાળકો પ્રત્યે વિશેષ કાળજી રાખશો અને હાથ-પગ-મોં પાણીથી દિવસ માં દર અડધા કલાકે સાફ કરતા રહેશો.આપણી કાળજી આપણે જાતે જ રાખવાની છે.ઉપરોકત મેસેજ દરેક ના ઘરે અને ગ્રુપ મા મોકલવા નમ્ર વિનંતી.

અસ્તુ...

લી.જીગ્નેશકુમાર નારણદાસ દરજી(પેથાપુર)અમદાવાદ

(મંત્રીશ્રી-શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળ)